મારા ગાંધીબાપુ



ઉમાશંકર જોશી

VISIT…

LANZAROTE
Caliente.com

મારા ગાંધીબાપુ

['ગાંધીકથા'માંથી ચૂંટેલા પ્રસંગો]

ઉમાશંકર જોશી

લોકમિલાપ ટ્રસ્ટ

1969ના ગાંધી-શતાબ્દિના વર્ષમાં
'સંસ્કૃતિ' માસિકના અંકોમાં લેખકે
ગાંધીજીના જીવનના કુલ સવાસો પ્રસંગો આલેખેલા.
એ પ્રત્યેકમાં પ્રગટ થતી ગાંધીજીના જીવનની
કોઈ ને કોઈ વિભૂતિનો પરિચય કરાવવાનો
તેનો આશય હતો.
તે વખતે એ લેખમાળા 'ગાંધીકથા' નામના
પુસ્તક રૂપે પ્રગટ થયેલી.
તેમાંથી વીણેલા પ્રસંગો આ પુસતિકામાં મૂકેલા છે.
પ્રથમ બે ભાગમાં પ્રગટ થયેલી પુસ્તિકાની
1983-87 દરમ્યાન 17,000 નકલ છપાયેલી.
તેની સંક્ષિપ્ત સંયુક્ત આવૃત્તિની
1991-94 દરમ્યાન 20,000 નકલ છપાઈ.
આ પુનર્મુદ્રણ, 1998 : નકલ 5,000

રૂ. 5

100 નકલના રૂ. 400

પ્રકાશક: ગોપાલ મેઘાણી
લોકમિલાપ ટ્રસ્ટ, 1565 સરદારનગર, ભાવનગર 364001
ટાઇપસેટિંગ: અપૂર્વ આશર, અમદાવાદ, ફો. 6610441

પહેરણ કેમ પહેરતા નથી ?

બાપુના ડિલ અુપર પહેરણ પણ નથી, એ જોઅી એક નાનકડા વિદ્યાર્થીએ એમને પૂછ્યું: બાપુ, તમે શરીર પર પહેરણ કેમ પહેરતા નથી ?

બાપુ કહેઃ મારી પાસે પૈસા ક્યાં છે ?

વિદ્યાર્થીઃ હું મારી માને કહું છું, તે આપને પહેરણ સીવી આપશે. પછી પહેરશોને ?

બાપુઃ કેટલાં સીવી આપશે ?

વિદ્યાર્થીઃ તમારે કેટલાં જોઅીએ ? એક.... બે.... ત્રણ.....

બાપુઃ હું કાંઅી એકલો છું ? મારા એકલાથી પહેરાય ?

વિદ્યાર્થીઃ ના એકલાથી તો ન પહેરાય. તમારે કેટલાને માટે જોઅીએ ?

બાપુઃ મારે તો ચાલીસ કરોડ ભાઅીભાંડુ છે. તારી માતા એ બધાને માટે સીવી આપશે ? એમની પછી મારો વારો આવે.

વિદ્‌યાર્‌થી વિમાસણમાં પડી ગયો. નિર્‌દોશ બાળક પ્રેમથી બાપુને પહેરણ આપવા ગયો. એના કુમળા હ્‌રુદયને બાપુએ વિશ્વકુટુંબભાવની દીક્‌શા આપી.

*

નાનકડી પેનસિલ

ગાંધીજી આફ્‌રિકાથી તાજા જ હિંદ આવેલા. મુંબઅીમાં મહાસભા મળી હતી. કાકાસાહેબ કાલેલકર ગાંધીજીને અુતારે જઅી એમને કામમાં મદદ કરતા.

એક વાર ગાંધીજી ટેબલની આસપાસ કશુંક શોધી રહ્‌યા હતા. કાકાસાહેબે પૂછ્‌યું: ‘‘શું શોધો છો?’’

‘‘મારી પેનસિલ. નાનકડી છે.’’

કાકાસાહેબે એમનો સમય અને તકલીફ બચાવવા પોતાના ગજવામાંથી પેનસિલ આપવા માંડી.

‘‘નહિ, નહિ, મારી એ નાની પેનસિલ જ મારે જોઅીએ.’’

કાકાસાહેબે વિનંતી કરી: ‘‘આપ આ પેનસિલ લો. આપની પેનસિલ હું શોધી આપીશ. નાહક આપનો સમય બગડે છે.’’

બાપુ: ‘‘એ નાની પેનસિલ મારાથી ખોઅી ન શકાય. તમને ખબર છે, એ પેનસિલ મને મદ્રાસમાં નટેસનના નાના દીકરાએ આપી હતી. કેટલા પ્રેમથી એ પેનસિલ લાવેલો ! મારાથી એ કેમ ખોવાય ?’’

બંનેએ મળીને શોધી, અંતે જડી. બે ઇંચથીયે નાનો ટુકડો હતો !

પણ એની પાછળ નાનકડા બાળકનો ભવ્ય અુમળકો હતો. મહાત્માના હૃદયે કેવા આદરપૂર્વક એ ઝીલ્યો હતો !

*

સાચાબોલાં બાળકો

પ્રવાસમાં ગાંધીજી એક આશ્રમ-શાળામાં ગયા હતા. વરસાદ વરસતો હતો. સવારે બાળકોને આવતાં મોડું થયું.

ગાંધીજીને બીજે જવાનું હતું. બાળકો સાથે થોડીક મિનિટો જ મળી.

ગાંધીજીએ વાત શરૂ કરીઃ તમે બધાં કાંતો છો અને ખાદી પહેરો છે. પણ મને કહો કે તમારામાંથી કેટલાં હંમેશાં સાચું બોલો છો, એટલે કે ક્યારેય જૂઠું બોલતાં નથી.

થોડાંક બાળકોએ હાથ ઊંચા કર્યા.

ગાંધીજીએ બીજો સવાલ કર્યોઃ સારું, તો હવે અવારનવાર જેઓ જૂઠું બોલતાં હોય તેવાં કેટલાં છે?

બે બાળકોએ તરત હાથ ઊંચા કર્યા.

પછી ત્રણે....

પછી ચાર જણાંએ.....

પછી તો હાથ જ હાથ દેખાઈ રહ્યા. લગભગ બધાં બાળકોએ હાથ ઊંચા કર્યા હતા.

ગાંધીજીએ એમને કહ્યું: પોતે અવારનવાર જૂઠું બોલે છે એમ જે બાળકો જાણે છે અને કબૂલ કરે છે, તેમને માટે હંમેશાં આશા છે. જેઓ એમ માને છે કે પોતે કદી જૂઠું

બોલતાં નથી, તેમનો રસ્તો કઠણ છે. બંનેને હું સફળતા ચ્છિું છું.

અને એમણે બધાંની વિદાય લીધી.

*

કબૂલ્યું, તે કર્યું?

દક્શિણ આફ્રિકામાં જોહાનસિબર્ગમાં ગાંધીજી વકીલાત કરતા ત્યારની વાત છે. ઘરથી ઓફિસ ત્રણ માઈલ દૂર હતી. એક વાર ગાંધીજીના સાથી શ્રી પોલાકે ગાંધીજીના તેરેક વરસના પુત્ર મણિલાલને ઓફિસથી એક પુસ્તક ઘેર લઈ આવવાનું કહેલું. મણિલાલ ભૂલી ગયા. વાત ગાંધીજી સુધી પહોંચી. ગાંધીજી મણિલાલ પાસે ગયા. પૂરી મ્રુદુતાથી પણ મક્કમતાથી પુત્રને કહ્યું: રાત અંધારી છે, પંથ વિકટ છે, આવતાં-જતાં છ માઈલ થાય, છતાં તેં કબૂલ્યું હતું એટલે ઓફિસ જઈને મિ. પોલાકને પુસ્તક લાવી આપવું રહ્યું.

સાંભળીને બા અને ઘરનાં બધાં વિમાસણમાં પડી ગયાં. બાપુએ આવો આગ્રહ શા માટે રાખવો જોઈએ, એવા સવાલો પણ ઊઠ્યા. ઓફિસના સાથી કલ્યાણદાસભાઈએ કહ્યુંઃ જોઈએ તો હું પુસ્તક લઈ આવું, અથવા તો મણિલાલ સાથે મને જવા દો.

ગાંધીજીએ બીજો વિકલ્પ સ્વીકાર્યો.

તેરેક વરસના કિશોર પુત્રે મોડી રાતે પણ ફરી પોલાકને પુસ્તક લાવીને આપ્યું — પોતે સ્વીકારેલું કામ પાર પાડ્યું, એની પુશ્પથીયે કોમળ પણ વજ્રથીયે કઠોર પિતાએ બરાબર કાળજી રાખી.

*

ઈશ્વર છે તેની ખાતરી

જોહાનિસબર્ગમાં ગાંધીજી વહેલા ઊઠે, પ્રાર્થના કરે, કોઈ વાર ઘંટીથી ઘઉં દળે, ચૂલો સળગાવે અને કીટલીમાં પાણી ગરમ કરવા મૂકે.

મકાનના જાજરૂની બાલદીઓ છથી દસ ફૂટ જેટલી ઊંચાઈવાળી એક ટાંકીમાં સાફ થતી. નાહવાધોવાનું પાણી પણ એમાં એકઠું થતું. એ ટાંકી ખાલી કરવા અઠવાડિયે મ્યુનિસિપાલિટીની બે ઘોડાથી ખેંચાતી લોખંડી ટાંકી લઈને હબસીઓની ટુકડી આવતી.

સફાઈકામ પૂરું થાય એટલે સ્વચ્છ થઈ, ઠંડી હોય ત્યારે તો પૂરતાં કપડાંને અભાવે ધ્રૂજતા, હબસીઓ ગાંધીજી પાસે આવે.

એમનાં ટમ્લરમાં પોતાને હાથે બનાવેલી ગરમ ગરમ ચા કીટલીમાંથી રેડવાનો ગાંધીજીનો ક્રમ હતો.

ગરમ ગરમ ચા પીતાં પીતાં આભાર દર્શાવતાં તેઓ ડાબો હાથ ઊંચો કરીને ઝૂલુ ભાશામાં કહેતા:

" 'કોસ બાબા ફેઝલુ' (ઈશ્વર ઉપર છે), પણ એની ખાતરી તો અમને તમારી આપેલી આ ગરમ ગરમ ચાના પ્યાલાથી થાય છે."

*

જા, મેં પણ મીઠું છોડ્યું

બાની તબિયત ખૂબ કથળી હતી. માંડ બચ્યાં હતાં. રોગે ફરી ઊથલો માર્યો. બીજા ઉપચારો કામ ન આવ્યા એટલે બાપુજીએ પોતાના નિસર્ગોપચારની વાત મૂકી. મીઠું અને કઠોળ છોડવા બાને વીનવ્યાં, ટેકામાં જાણકારોનાં લખાણો વંચાવ્યાં, સમજાવ્યાં. પણ બા માને નહિ.

બાથી કહેવાઈ ગયું: ''કઠોળ અને મીઠું છોડવાનું તો તમને કોઈ કહે તો તમે પણ ન છોડો.''

સાંભળીને બાપુને દુખ થયું. પણ મારો પ્રેમ ઠાલવવાનો આ પ્રંસગ છે, એમ સમજાતાં હરૃશ પણ થયો. બોલ્યા: ''જા, મેં તો એક વરૃશને સારુ કઠોળ અને મીઠું બંને છોડ્યાં. તું છોડે કે ન છોડે એ નોખી વાત છે.''

બાને ભારે પશ્ચાત્તાપ થયો. તે બોલી ઊઠ્યાં: ''મને માફ કરો. તમારો સ્વભાવ જાણતાં છતાં કહેતાં કહેવાઈ ગયું. હવે હું તો કઠોળ ને મીઠું નહિ ખાઉં. પણ તમે તો તમારું વેણ પાછું ખેંચી લો. આ તો મને બહુ સજા કહેવાય.''

બાપુઃ ‘‘તું કઠોળ-મીઠું છોડશે તો બહુ જ સારું. મારી ખાતરી છે કે તેથી તને ફાયદો જ થશે. પણ લેવાયેલી પ્રતિજ્ઞા મારાથી ફેરવાય નહિ. મને તો લાભ જ થવાનો. ને એ બે વસ્તુઓ છોડવાનો જે નિશ્ચય તેં કર્યો છે તેમાં કાયમ રહેવામાં તને મદદ મળશે.’’

બાઃ ‘‘તમે તો બહુ હઠીલા છો. કોઈનું કહ્યું માનવું જ નહિ.’’

બા ખોબો આંસુ ઢાળી શાંત રહ્યાં. પણ પતિ-પત્ની વચ્ચેના આ પ્રસંગમાંથી બાપુને સત્યાગ્રહની ચાવી મળી. પ્રેમ દ્વારા કરેલા ત્યાગથી સામાના હ્રદય સુધી પહોંચવું અને એના જીવનમાં કલ્યાણક પરિવર્તન સાધવામાં મદદરૂપ થવું, એ સત્યાગ્રહનો કીમિયો છે. તેથીસ્તો બાપુ આ પ્રસંગ વિશે કહે છેઃ ‘‘તેને મારી જિંદગીનાં મીઠાં સ્મરણોમાંનું એક માનું છું.’’

*

રિવોલ્વર રક્ષા કરશે ?

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને એક બુદ્ધિશાળી અને વફાદાર ગોરા સાથી મળી ગયા હતા. એમનું નામ કેલનબેક.

એક વાર ગાંધીજી ખીંટી પરથી પોતાનો કોટ લેવા ગયા, ત્યાં પાસે લટકતા કેલનબેકના કોટના ગજવામાં એમને રિવોલ્વર દેખાઈ. એમણે એ બહાર કાઢી અને પૂછ્યું: ''રિવોલ્વર તમે શા માટે રાખો છો ?''

કેલનબેક: ''અમસ્તી જ !''

ગાંધીજીએ હસતાં હસતાં પ્રશ્ન કર્યો: ''રસ્કિન-તોલ્સ્તોયનો તમારી ઉપર ખૂબ પ્રભાવ છે. તેઓએ એવું લખ્યું છે ખરું કે વગર કારણે રિવોલ્વર ગજવામાં રાખવી ?''

કેલનબેક વિનોદ સમજ્યા, શરમાયા. દબાતે અવાજે એમણે કબૂલ કર્યું: ''જાણવા મળ્યું છે કે કેટલાક ગુંડાઓ તમારી પાછળ તમને મારવા માટે ફરી રહ્યા છે.''

ગાંધીજી કહે: ''એટલે તમે આ રિવોલ્વરથી મારી

રક્શા કરવાના, એમ ને ?''

કેલનબેકઃ ''જી હા. એટલે જ હું તમારી પાછળ પાછળ હંમેશા ફરું છું.''

ગાંધીજી હસી પડ્યા. '' વાહ રે ! ત્યારે તો હું હવે નિશ્ચિંત બન્યો. મારું રક્શણ કરનારાએ (પ્રભુએ) તમને જ આ જવાબદારી સોંપી છે, એમ ને ? અથવા તો તમે પોતે આપમેળે એ સ્વીકારી છે. એટલે તમે જીવતા હો ત્યાં સુધી મારે મારી સલામતી જ સમજવાની ને ? વાહ, ભાઅી, તમે તો પરમેશ્વરનો અધિકાર પણ ઝૂંટવવાની ઠીક હિંમત કરી !''

કેલનબેક સમજ્યા. પોતે કોણ રક્શણ કરવાવાળા ? બાપુને રોમેરોમે એમણે એ શ્રદ્ધા જોઅી કે, રક્શણ કરવાવાળો તો સર્વશક્તિમાન મારો રામ બેઠો છે. એની અિચ્છા હશે ત્યાં સુધી આ શરીરને કોઅી કશું કરી નહિ શકે, અને એનો હુકમ છૂટશે ત્યારે આ શરીરને કોઅી રક્શકો કે દાક્તરો બચાવી નહિ શકે.

*

સાપ સાથે

ફીનિક્સના આશ્રમમાં એક વાર અંધારી રાતે બારણા બહાર મોટા સાપનો ફૂંફાડો સંભળાયો. દીવાની મદદથી જોયું તો સાપનો લિસોટો પડેલો. જોયું તો પાણીની ટાંકી પાછળ સાપ ભરાયેલો.

સાપ ત્યાં વારંવાર નીકળતા. સાપને પકડવા રેશમની દોરીના ગાળાવાળી લાકડી આશ્રમવાસીઓ વાપરતા. સાપને ગાળામાં લઈ બહાર ખેંચી કાઢ્યો.

સાપ તોફાને ચઢ્યો. ગૂંચળું થઈને પછાડ ખાય અને હાથમાંથી લાકડી છૂટી જાય એવું જોર કરે. એટલામાં ગાંધીજી ત્યાં આવી પહોંચ્યા. સાપને જોતાં જ બોલ્યા : આ તો બહુ ભારે જનાવર છે. તમે દોરી બહુ સખત રાખશો નહિ, એ પીડાશે.

સાપ કશ્ટાતો હતો એ ગાંધીજી તરત વરતી ગયા. એમણે કહ્યું, એને નીચે મૂકો. આશ્રમવાસીઓ વિચારમાં પડ્યા કે બાપુએ શું ધાર્યું હશે. સંભાળીને હળવેકથી સાપને

નીચે મૂક્યો. ગાંધીજીએ કહ્યું : દોરી ઢીલી કરો, એને ડોકે દોરી બેસી જાય નહિ.

દોરી બિલકુલ ઢીલી કરી દેવામાં આવી. સાપને નીકળી જવા દેવો હોય તો નીકળી જવા દઈ શકાય એટલી ઢીલી.

ગાંધીજી લાંબા પડેલા સાપ પાસે બેઠા, એની પીઠ પર ધીમેથી હાથ ફેરવવા લાગ્યા. સાપને પસવારતાં એમનાથી ઉદ્ગાર થઈ ગયો : કેવું સુંદર પ્રાણી !

હાથના મીઠી સ્પર્શની અસર તળે સાપ ગેલમાં પૂંછડી હલાવવા માંડ્યો. ક્યાં થોડી ક્ષણો પહેલાંનો વીફરેલો પ્રચંડ નાગ, અને ક્યાં આ પ્રેમની મોહિનીને વશ થયેલો જીવ !

થોડી વાર રહીને બાપુએ ઊઠીને સૂચના આપી : આને સંભાળીને ઉઠાવજો અને દૂર નાખી આવજો.

*

એમનામાંના એક

દક્શિણ આફ્રિકાના સત્યાગ્રહમાં ગાંધીજી જેલ ભોગવીને પાછા ફીનિક્સ આશ્રમમાં આવ્યા અને તરત એમણે સાથીઓ આગળ પોતાનું મનોમંથન રજૂ કર્યું:

હજારો ભોળા નિરક્શર લોકો મારા કહેવાથી મારી અુપર શ્રધ્ધા રાખી લડાઅીના દાવાનળમાં કૂદી પડ્યા અને દેખ્યું ન જાય એવું દુખ એમણે વેઠ્યું છે. એમનાથી વેગળો હું કેમ રહું ? મારે એમનામાંના એક બનીને રહેવું જોઅીએ. મારે કામ પ્રસંગે ગોરાઓને મળવું પડે કે રાજધાનીમાં જવું પડે તો પણ, આ સત્યાગ્રહની લડત ચાલે છે ત્યાં સુધી કોટ-પાટલૂન ને નેકટાઅી હું નહિ પહેરું. નાનકડા સમાજમાંના એક બનીને જીવવામાં મને રસ નથી આવતો. મારે તો આ હજારો ગિરમીટિયાઓમાંના એક બનીને જીવવું છે. લડતને કારણે વિધવા બનેલી બહેનોનાં આંસુ લૂછવા માટે મારે આટલું તો કરવું જ જોઅીએ. આવતી કાલથી એક લુંગી અને સાદું પહેરણ એ મારો પોશાક રહેશે. ખપની વસ્તુઓ

રાખવા એક બગલથેલો રાખીશ.

દલીલ થઈઃ લુંગી કરતાં ધોતિયું સારું નહિ? હરવુંફરવું વિશેશ ફાવશે. આપણો મૂળ પહેરવેશ પણ એ જ છે ને?

ગાધીજીઃ ખરું, પણ અત્યારે પ્રશ્ન ગિરમીટિયાઓનો છે. એ મોટો ભાગ મદ્રાસીઓનો છે. માટે લુંગી જ પહેરું. મારી લુંગી ચીંથરેહાલ નહિ હોય એટલો ફરક રહેવાનો. તેઓ માથે કંઈક ને કંઈક બાંધે છે. પણ આપણે તો માથે પહેરવાનું છોડ્યું છે, એટલે હવે નવું ફરી શરૂ કરવું નથી. શહીદોનો શોક પાળવા મૂછનું મુંડન કરવું જરૂરી છે. અને પગમાં સેન્ડલ પણ રાખવાં નથી. અસંખ્ય ગિરમીટિયાઓને પગમાં ક્યાં કંઈ હોય છે?

ચંપલ છોડવાની વાતથી સૌ ચોંક્યા. એક જણે વિનંતી કરીઃ આપના પગ કસાયેલા નથી. ચાલવાનું આખો દિવસ રહેશે.

બાપુ દ્રુઢ નિરધારથી બોલ્યાઃ સાચું છે. મારા પગનાં તળિયાં વધુ આળાં છે. પણ લોકોને દુખમાં હોમું ત્યારે મારેય

કંઈક તો ખમવું જોઈએ ના? ઘણું થશે તો થોડું ધીમું ચલાશે, એ જ ના?

બાપુએ લાકડીનો સાથ પણ એ દિવસોથી સ્વીકાર્યો.

*

— ત્યારે આ દશાનો અંત આવે

દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહ-લડતમાં અનેક ભાઈઓ ગોળીબારમાં માર્યા ગયા હતા. લડત પછી એમની વિધવા બનેલી સ્ત્રીઓ ગાંધીજીને મળવા પારસી શેઠ રુસ્તમજીને ત્યાં આવી.

ગાંધીજી ઊઠીને તેમની પાસે ગયા. એમને વંદન કર્યું. વિધવા બહેનો રડી પડી.

ગાંધીજી એમને આશ્વાસન આપવા લાગ્યા: માતાઓ, રડશો નહિ. લાંબી બીમારી ભોગવીને તમારા પતિઓ મ્રુત્યુ પામ્યા હોત, તો એમને વિશે દુનિયા કશું જાણત નહિ... દેશને ખાતર ગોળીના ભોગ બની તેઓ

દેવલોક પામ્યા એટલે તેઓ ભાગ્યશાળી ગણાય.

એક બહેન એમને પગે વળગી હતી. એનાં આંસુ એમના પગ પર પડતાં હતાં. તેને વલોવાતે હૈયે સાંત્વન આપતાં તેઓ કરુણાભર્યા દ્રુઢ અવાજે બોલ્યાઃ

બહેન, તારા જેવાંઓનું દુખ મારાથી સહન થતું નથી. તે તો ત્યારે જ શમે કે જ્યારે સરકાર મને પણ ગોળીથી ઠાર કરે અને મારી પત્નીની પણ તમારા જેવી જ સથિતિ હોય. ત્યારે જ આપણી આ દશાનો અંત આવશે.

ગાંધીજીની પારદર્શક સહ્રુદયતાથી બહેનોને હૂંફ મળી.

*

લોકો મારી પાછળ ગાંડા થશે, પણ —

આફ્રિકાથી તાજા જ પાછા આવેલ કર્મવીર મોહનદાસ ગાંધીનું મુંબઅીમાં મારવાડી વિદ્યાલયમાં વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. પાંચ વાગ્યે ભાશણ હતું.

ગાંધી કોલાબા ઊતરેલા ત્યાંથી ચાલતા ચાલતા બરોબર પાંચને ટકોરે સભાસ્થાને હાજર થઈ ગયા.

ભાશણ પૂરું થયા પછી એ વખતના એક તેજસ્વી યુવક આગેવાન ઇન્દુલાલ યાગ્નિક ઘોડાગાડીમાં એમને મૂકવા માટે ગયા. રસ્તે એમણે કહ્યુંઃ ગાંધીસાહેબ, તમે દેશની નેતાગીરી લો. લોકો તમારી પાછળ ગાંડા થશે.

ગાંધીજીએ ધીરપણે જવાબ આપ્યોઃ હું જાણું છું, લોકો મારી પાછળ ગાંડા થશે. પણ ભગવાનને મારી એ પ્રાર્થના છે કે જ્યારે દેશના હિત માટે લોકોને કંઈ અપ્રિય કહેવાની જરૂર ઊભી થાય ત્યારે એ તે મને કહેવાની શક્તિ આપે.

જીવનના છેલ્લા મહિનાઓમાં બાપુએ લોકોને અણગમતી વાતો કહેવાનો જે ધર્મ બજાવ્યો તેને માટેની એમની તૈયારી તો દસકાઓ પહેલાંથી ચાલતી હતી.

*

વજ્રકોટમાં છીંડું

આફ્રિકાથી પાછા ફર્યા પછી અમદાવાદમાં પોતાના મિત્ર બેરિસ્ટર જીવણલાલને ત્યાં ગાંધીજી ઊતર્યા હતા. અમદાવાદમાં જ આશ્રમ સ્થાપવાનો વિચાર મનમાં ઘોળાતો હતો. દેશસેવાની લડાઈનું સ્વરૂપ હજી મનમાં સ્પશ્ટ ઊપસ્યું ન હતું.

એક સાંજે જીવણલાલ ઘેર આવીને હસતા હસતા કહેઃ ગાંધી, તમારી તો કીર્તિ ચારે કોર પ્રસરવા માંડી !

પછી એમણે માંડીને વાત કરીઃ આજે મારા એક વકીલ મિત્ર મળ્યા. એલિસપુલ ઉપર ચાલતા ચાલતા આવતા હતા. આગળ બે જણા વાતો કરે. તેમાં એક હતો આપણો રસોઇયો. એ એના ભાઈબંધને કહે, અમારે ત્યાં એક આવ્યો છે કોઈક આફ્રિકાથી. દશબાર કેળાં એને નાસ્તામાં જોઈએ. આખો દિવસ બેસી રહે છે. કહે છે કે બેરિસ્ટર છે. પણ કશું જ કામ કરતો નથી.... લો, જોયું ને ગાંધી, અમે તો તમારી આબરૂ વધારવા માંડી !

અને બેરિસ્ટર મિત્ર સરળ ભાવે ખડખડાટ હસી રહ્યા. ગાંધી પણ એમાં ભળ્યા.

પણ પછી એકદમ ગંભીર થઈને કહે: એની વાત એક રીતે સાચી છે, હું કશું જ કામ કરતો નથી. પણ આ દિવસોમાં ક્ષણક્ષણ હું શું કરી રહ્યો છું એ કહું ? જેમ કોઈ સેનાપતિ દુશ્મનના કોટ-કિલ્લાની સામે ઊભો ઊભો નિરંતર એ ચિંતવન કરી રહે કે આમાંથી કઈ કાંકરી ખેરવું, કયો પથ્થર ખેસવું તો ગાબડું પડે અને અંદર આખું લશ્કરનું લશ્કર ઘુસાડી દઉં — એમ હું પણ લગાતાર એ જ એક વાત ચિંતવી રહ્યો છું કે આ બ્રિટિશ સલ્તનતની સત્તાના વજ્રકોટમાં ક્યાં છીંડું પાડું.

અને થોડા સમય પછી એલિસપુલ પાસેના જીવણલાલ બેરિસ્ટરે આપેલ એમના મકાનમાં ગાંધીજીએ આશ્રમ શરૂ કર્યો.

*

લો, આ અનાજ વીણો

કર્મવીર ગાંધી આફ્રિકાથી તાજા જ દેશમાં આવેલા છે. અમદાવાદ કોચરબમાં એમણે આશ્રમ શરૂ કર્યો છે અને દેશની સેવાનાં કાર્યો હાથ ધરવા માંડ્યાં છે.

શહેરના એક વકીલ દેશસેવાનું કામ મેળવવા ગાંધીજી પાસે આશ્રમમાં આવ્યા. ગાંધીજી એ વખતે રસોડામાં અનાજ સાફ કરવાના કામમાં ગૂંથાયેલા હતા. મહેમાન વકીલનું સ્વાગત કરી ગાંધીજીએ એમને બેસવા સાદડીનું આસન ભોંય પર પાથર્યું અને કહ્યું, બેસો.

વકીલ કોટપાટલૂનમાં સજ્જ હતા. ઊભા ઊભા જ બોલ્યાઃ હું કાઈ બેસવા આવ્યો નથી. મારે તો કામ જોઈએ છે. મારા સરખું કાંઈક કામ આપ મને આપશો, એ આશાએ હું અત્યારે આશ્રમમાં આવ્યો છું.

ગાંધીજીએ કહ્યુંઃ ઘણા આનંદની વાત છે. એમ કહી એમની આગળ અનાજની ઢગલી કરી અને કહ્યુંઃ એકે કાંકરી ન રહે એ રીતે સાફ કરજો.

વકીલ તો આભા બની ગયા. અનાજ સાફ કરવાનું કામ તો નોકરોનું કે સ્ત્રીઓનું — એવા એમના સંસ્કાર હતા. કચવાતાં કચવાતાં એ બોલ્યાઃ આવું અનાજ સાફ કરવાનું કામ મારે કરવાનું છે?

ગાંધીજીએ કહ્યુંઃ "હા, હાલમાં મારી પાસે એ જ કામ છે."

વકીલની બુદ્ધિ તો કમ હતી જ નહિ. એ સમજ્યા કે આ નેતા જુદી જ જાતના છે અને નાના કે મોટા કામમાં ભેદ ગણતા નથી; અને નાનાંમોટાં સૌ કોઈ હિંદવાસીઓ ગમે તે કામ કરવાની તત્પરતા અને સજ્જતાવાળાં હોય એ એમને જોવું છે.

તેઓ ગાંધીજીના સાન્નિધ્યમાં અનાજમાંથી વીણામણ કાઢતા ગયા તેમ તેમ પોતાના જીવનમાંથી પણ રૂઢ જડ ખ્યાલોને વીણી વીણીને દૂર કરવાની પ્રેરણા પામતા ગયા.

*

સ્વરાજ અર્ધો કલાક મોડું આવશે

સમય જાળવવામાં ગાંધીજી ઘણા જ ચોક્કસ હતા. ગોધરા રાજકીય પરિશદમાં તિલક મહારાજને આવતાં અર્ધો કલાક મોડું થયું. એ પ્રસંગે એમણે કહેલું: સ્વરાજ અર્ધો કલાક મોડું આવશે.

સમય જાળવવા અંગે પોતે ચારે બાજુથી વિચાર કરીને વ્યવસ્થા રાખતા. ચંપારણમાં એમની સામે કેસ ચાલવાનો હતો. અગિયાર વાગ્યાનો સમય નક્કી થયેલો. જવા માટે ઘોડાગાડીની વ્યવસ્થા કરવાની હતી. ગાંધીજીએ સાડાદસે ગાડી આવવી જોઈએ એમ કહ્યું. સાથીઓએ કહ્યું: ઘોડાગાડી માટે અર્ધા કલાકનો રસ્તો નથી. એટલી બધી વહેલી શા માટે મંગાવવી ? ગાંધીજીએ કહ્યું: સાડાદસે ઘોડાગાડી ન આવી તો ? ચાલીને હું કોરટે પહોંચી શકું એટલો સમય મારે હાથ પર રાખવો જોઈએ.

કોઈ અણધારી ઘટના, અથવા તો આપણા લોકોની સમય જાળવવા અંગેની બેદરકારી, પોતાના સમયપાલન આડે ન જ આવી શકે એની તકેદારી રાખીને પોતે ચાલતા.

વિરોધીને જાત સોંપી

બિહારમાં ચંપારણમાં ગળીના અુત્પાદક ગોરાઓના અત્યાચારોની બાપુજીએ તપાસ શરૂ કરી. ઠેર ઠેર શાળાઓ સ્થાપી લોકોમાં જાગ્રુતિ ફેલાવી. ગોરાઓ ગભરાયા.

કોઅીએ આવીને ગાંધીજીને બાતમી આપી કે અમુક ગોરો માલિક વધુ પડતો દુશ્ટ છે અને આપનું ખૂન કરાવવા ચાહે છે, તેણે મારાઓ પણ રોક્યા છે.

એક રાત્રે ગાંધીજી એકલા પેલા ગોરાને બંગલે પહોંચી ગયા અને કહેવા લાગ્યા: ‘‘મેં સાંભળ્યું છે કે મને મારી નાખવા માટે તમે મારાઓ રોક્યા છે, એટલે કોઅીને કહ્યા વગર હું એકલો આવ્યો છું.’’

સાંભળીને ગોરો તો સ્તબ્ધ બની ગયો.

*

નદી મારા એકલાની છે ?

ગાંધીજી સવારે વહેલા ઊઠે. ઊઠીને મોં ધોવાનું અને દાતણ કરવાનું. તે માટે પાણીની નાની લોટી અને પિકદાની પથારી પાસે જ રાખેલાં હોય તે વડે ત્યાં જ પતાવે.

મોહનલાલ પંડ્યા કહેઃ બાપુ, પાણીનો તોટો છે ? આ સાબરમતી વહી જાય છે. પાણીની કરકસર શું કરવા કરતા હશો ?

ગાંધીજીએ એમને સામેથી પૂછ્યુંઃ મારું મોં તમને બરાબર સાફ થયેલું લાગે છે કે નહિ, એ કહોને.

પંડ્યાજી કહેઃ એ તો છે જ ને !

ગાંધીજીઃ તો પછી વાંધો ક્યાં છે ? તમે લોટેલોટા પાણી વાપરો છો, પણ પલળેલા હાથ વડે મોં પર પાણી ચોપડો છો. હું પાણી વડે મોં બરાબર સાફ કરું છું. આટલું પાણી પૂરતું છે.

પંડ્યાજીઃ પણ નદીમાં આટઆટલું પાણી છે, ને.....

ગાંધીજીઃ નદીનું પાણી કોને માટે છે ? મારા એકલા માટે છે ?

પંડ્યાજીઃ સૌને માટે છે. આપણા માટે પણ છે...

ગાંધીજીઃ બરોબર, નદીનું પાણી સૌ — પશુ, પંખી, માણસ, જીવજંતુ સૌને માટે છે. મારા એકલા માટે નથી. મારા ખપ પૂરતું જરૂર હું લઉં. પણ વધારે લેવાનો મને હક નથી. સહિયારી મિલકતમાંથી ખપ કરતાં વધારે આપણાથી લેવાય ?

*

શનિ કે રવિ ?

ફૂલચંદભાઈ ગાંધીજીના આશ્રમમાં રહે. એક દિવસ એમને બહારગામ જવાનું હતું એટલે ગાંધીજીને મળવા ગયા. ગાંધીજીએ પૂછ્યું, પાછા ક્યારે આવશો ?

ફૂલચંદભાઈઃ ''શનિવારે, અને કદાચ શનિવારે ન અવાય તો રવિવારે તો ચોક્કસ.''

બાપુ કહેઃ ''એમ ન ચાલે. વાયદો ચોક્કસ હોય. શનિવારે તો શનિવારે જ, અને રવિવારે તો રવિવારે.''

ફૂલચંદભાઈ: ''તો તો શનિવારે બપોરે અચૂક આવી જઈશ.''

આટલી ચોકસાઈ કરાવ્યા પછી બાપુએ એમની આગળ પોતાના મનની વાત મૂકી. વાયદો કર્યો એટલે એ પાળવાની પૂરી તકેદારી રાખવી જોઈએ. શનિવારે બપોરે બાર વાગ્યે ફૂલચંદ આશ્રમમાં હાજર હોય, કાં તો એ બીમાર છે એવો પત્ર હોય, અથવા તો ફૂલચંદ મરણ પામ્યો હોય. આ ત્રણ સિવાય ચોથી વાત સંભવે નહિ!

*

રસ્તો કાઢ્યો

દક્ષિણ આફ્રિકાથી હિંદ પાછા ફર્યા પછી પોતાના થોડાક સાથીઓ સાથે એક વાર ગાંધીજી ગાડીમાં મુસાફરી કરી રહ્યા હતા. અલબત્ત, સૌ ત્રીજા વર્ગના ડબામાં હતા. જાજરૂ અસ્વચ્છ જોઈને એ સાફ કરવાનો ગાંધીજીએ સાથીઓ આગળ પ્રસ્તાવ મૂક્યો.

પણ પાણીની ટાંકી ખાલી હતી. મંડળી પાસે એક લોટો પાણી ભરેલો હતો એ જ.

ગાંધીજીએ રસ્તો કાઢ્યો. એક છાપું લીધું. બોલ્યાઃ ચાલો, આ છાપાની મદદથી પાણીના માત્ર એક લોટા વડે આખું જાજરૂ કેમ સ્વચ્છ થઈ શકે છે એ બતાવું.

અને પછી પોતાને હાથે જાજરૂની બધી ગંદકી સાફ કરી સ્વચ્છતા-કાર્યનો એક પદાર્થપાઠ સાથીઓને આપ્યો.

*

અમારો માણસ

1922માં ગાંધીજીને અંગ્રેજ સરકારે છ વરસની જેલની સજા કરી.અદાલતમાં એમણે કહ્યું હતું કે સરકારની દ્રુશ્ટિએ જે ગુનો છે તે માનવતાની દ્રુશ્ટિએ ધર્મ છે અને તે મેં બજાવ્યો છે. એની જે સજા હોય તે જરૂર કરો.

સજાના સમાચાર દેશમાં ચારે ખૂણે ફેલાઈ ગયા. દૂર દૂર બંગાળાના એક ગામડાનો મુસલમાન પગી છાપામાં

સમાચાર વાંચીને રડી પડ્યો. એના મકાનમાં હિંસક ક્રાંતિમાં માનનાર એક વીર યુવક રહેતા હતા. એમણે એને પૂછ્યું, ભાઅી, રડો છો કેમ ?

પગીના હાથમાં બંગાળી છાપું હતું. ગાંધીજીના મુકદ્દમાનો અહેવાલ એમાં હતો. એણે કહ્યું કે, મારી જાતિના એક માણસને સજા થઅી છે. છ વરસની સજા. બુઢ્ઢો છે. 53 વરસનો. જુઓ આ છાપું.

છાપામાં આપ્યું હતું કે ગાંધીજીએ પોતાનો ધંધો ખેતીનો અને વણકરીનો આપ્યો હતો. મુસલમાન પગી જાતનો વણકર હતો એટલે એને પોતાની જાતિનો માણસ જેલમાં ગયાનું લાગ્યું.

એ ક્રાંતિકારી પછીથી પોતાનાં સંસ્મરણોમાં લખે છે : ‘‘અમે ક્યાંના ક્રાંતિકારી ? ક્રાંતિકારી તો ગાંધીજી છે. સારા દેશ સાથે તે એકરૂપ થયા છે. હું ખેડૂત છું, વણકર છું, એ એમનો અુદ્‌ગાર દેશભરમાં પહોંચી ગયો હોવો જોઅીએ. કરોડોને લાગ્યું હશે કે અમારામાંથી જ કોઅી

જેલમાં ગયું. જનતાથી જે એકરૂપ થયો, જનતાથી જેણે સંપર્ક સાધ્યો, તે દેશને મુક્ત કરી શકે. એ સાચા મહાન ક્રાંતિકારીને પ્રણામ.''

*

બંને મૂંગાં બેસી રહ્યાં

યરવડા જેલમાં બાપુ હતા ત્યારે બા એમની મુલાકાતે ત્યાં આવ્યાં. નિશ્ચિત સમયે જેલ-અધિકારીની હાજરીમાં તેમની મુલાકાત ગોઠવાઈ.

બા-બાપુ એકબીજાના ખબરઅંતર પૂછવા લાગ્યાં, ત્યારે જેલ-અધિકારીને થયું કે આ પૂજ્ય વ્યક્તિઓની મુલાકાત વખતે હું અહીં ઊભો રહું તો તેઓ છૂટથી વાતચીત કરી નહિ શકે, જરીક આઘોપાછો થાઉં. આમ વિચારી એ દૂર જઈ લટાર મારવા લાગ્યા.

જેલમાં મુલાકાતનો સમય અડધો કલાક. એટલો સમય પૂરો થયો એટલે જેલ-અધિકારી હસતા હસતા પાછા

આવ્યા. તેમણે બાપુને પૂછ્યું: આપની વાતચીત હવે પૂરી થઈ હશે.

ગાંધીજી: "વાતચીત? તમારી રૂબરૂમાં એકબીજાના ખબરઅંતર પૂછ્યા એ જ. આપના ગયા પછી અમે બંનેએ એક હરફ સરખો ઉચ્ચાર્યો નથી."

જેલ-અધિકારી: "એમ કેમ, બાપુ?"

ગાંધીજી: "આપ જેલનો નિયમ તો જાણો છો. જેલના અધિકારીની ગેરહાજરીમાં જેલનો કેદી મુલાકાતીઓ સાથે વાત કરી શકતો નથી. આપ બેઠા ત્યાં સુધી ખબરઅંતર પૂછ્યા. પણ આપના ગયા પછી તો અમે બંને શાંત થઈને બેસી રહ્યાં છીએ."

*

વીજળી-દીવાની ચાંપ

એક મોટા માણસને ત્યાં ગાંધીજી ઊતરેલા. સાંજની પ્રાર્થનાનો સમય હતો, ઘણા લોકો પ્રાર્થનામાં એકઠા

થયેલા. પ્રાર્થના શરૂ કરવાનો વખત થયો. ગાંધીજીએ સૂચના આપી, દીવો બંધ કરો.

વીજળી-દીવાની ચાંપ ઘરના માલિક બેઠા હતા તેમની અુપર જ હતી. માલિકે રોજની ટેવ મુજબ નોકરને હાક મારી.

પણ આ શું થયું ? ગાંધીજી સડપ દઅીને અૂભા થયા અને દીવો બંધ કર્યો. પ્રાર્થના શરૂ થઅી.

પ્રાર્થના પછી રોજની જેમ પ્રશ્નોત્તર ચાલ્યા. કાંતણકામ વિશે કોઅીનો સવાલ હતો. જવાબમાં ગાંધીજીએ ‘ગીતા’નો અુલ્લેખ કરીને કહ્યું કે જેઓ યગ્નાર્થે કર્મ કરતા નથી તેઓ ચોર છે.

પ્રાર્થના પછી લોક વિખેરાયું. ખૂણાના ટેબલને કોઅીનો ધક્કો લાગ્યો અને એની અુપરનું સુશોભિત વાસણ ગબડી પડ્યું અને ટુકડેટુકડા થઅી ગયું.

અરે, પણ આ શું ? ઘરમાલિક પોતે દોડીને ત્યાં પહોંચી ગયા છે અને ટુકડાઓ વીણીને ભેગા કરવા લાગ્યા છે. નોકરને હાક મારવાની ટેવ ક્યાં ગઅી ? એક ઘડીમાં

આ પરિવર્તન શું?

એમના મહાન અતિથિના આચરણે આ કીમિયો કર્યો હતો.

*

મોંઘામૂલો અધેલો

ખાદીકામ માટે પૈસા ઉઘરાવવા ગાંધીજી ઓરિસ્સામાં યાત્રા કરી રહ્યા હતા.

એક સભામાં ગાંધીજી બેઠા હતા. ત્યાં એક અત્યંત ઘરડી બાઈ આવી. વાળ સફેદ પૂણી જેવા હતા. કમ્મર વાંકી વળી ગઈ હતી. સ્વયંસેવકો સાથે ઝઘડીને એ અંદર ગાંધીજી પાસે આવી પહોંચી હતી.

આપનાં દર્શન કરવાં છે,—કહીને એ ગાંધીજીને પગે લાગી અને પછી એણે એની ઓટીમાંથી એક અધેલો કાઢી ગાંધીજીના પગ આગળ મૂક્યો. પછી શાંતિથી એ ચાલી

ગઅી.

બાઅીએ અધેલો મૂક્યો તે ગાંધીજીએ તરત જ અુપાડી લીધો અને પોતાની ઓટીમાં ખોસી દીધો.

બધો હિસાબ રાખનાર શેઠ જમનાલાલ બજાજ પાસે જ બેઠા હતા. કહે: મને એ અધેલો આપી દો.

ગાંધીજીએ કહ્યું: એ તમને નહિ આપી શકાય.

જમનાલાલજી: ચરખા સંઘના હજારોના ચેક હું લઅું છું અને આ અધેલાનો આપને વિશ્વાસ નથી આવતો?

ગાંધીજીએ કહ્યું: આ અધેલો તો મોંઘામૂલો છે. માણસ પાસે લાખો હોય તેમાંથી હજાર આપી દે એ મોટી વાત નથી. પણ આ ઘરડી, ગરીબ, ચીંથરેહાલ બાઅીએ અધેલો આપ્યો તેનો જીવ કેટલો અુદાર હશે! તેનો આ અધેલો તો કરોડો કરતાં વધારે છે.

*

પંખો

બળબળતો ઉનાળો હતો. બાપુજી બપોરે જરી આડે પડખે થયા. એમના જુવાન સાથી મહાદેવભાઈ એમને પંખો નાખવા લાગ્યા...

કેટલાક સમય પછી મહાદેવભાઈ આંખ ખોલે છે તો શું જુએ છે? બાપુજી એમને પંખો નાખી રહ્યા હતા.

*

લાજ રહી

નોઆખાલીમાં કોમી આગ બુઝાવવા ગાંધીજી પગે યાત્રા કરી રહ્યા હતા. એક ગામથી નીકળી બીજા ગામે સવારે સાતે પહોંચી જાય. પછી લખાવવાનું થોડુંક કામ કરી નાહી લે. નાહવામાં તેઓ સાબુ નહિ પણ એક ખરબચડો પથ્થર વાપરતા. મીરાંબહેને વરસો પહેલાં એ આપેલો.

એક ગામે પહોંચ્યા પછી નાહવાની તૈયારી કરતાં

મનુબહેને જોયું તો પથ્થર ન મળે. બાપુને વાત કરીઃ કાલે વણકરને ઘેર રહ્યા હતા ત્યાં રહી ગયો હોવો જોઈએ. હવે?

બાપુ થોડી વાર વિચારમાં પડી ગયા. પછી કહેઃ એ પથ્થર તું જાતે જઈને શોધી આવ. તું એકલી જ જા. એક વખત આમ કરીશ એટલે બીજી વખત ભૂલ નહિ થાય.

મનુબહેનઃ કોઈ સ્વયંસેવકોને સાથે લઈ જાઉં?

બાપુએ સામેથી પૂછ્યુંઃ કેમ?

નોઆખાલીમાં નાળિયેરી ને સોપારીનાં વન. અજાણ્યો માણસ ભૂલો પડી જાય. સૂના રસ્તા પર એકલાં શે જવાય? તોફાનીઓ પજવે તો? નાનકડી 15-16 વરસની મનુબહેનના મનમાં કંઈ કંઈ વિચારો આવી ગયા. પણ 'કેમ'નો જવાબ આપવા રોકાયા વગર થોડી રીસમાં એ ચાલી નીકળી. જે રસ્તે બધાં અહીં આવેલાં તે રસ્તા પરનાં પગલાં જોતી જોતી એ બહેન પેલા ગામે પહોંચી ગઈ.

વણકરનું ઘર પણ મળ્યું. ઘરમાં એક ડોશી રહે. ડોશીએ પેલા મોંઘામૂલા પથરાને કાંઈ સાચવી રાખેલો

નહિ. પથરો જાણીને ફેંકી દીધેલો. મનુબહેને માંડ માંડ શોધી કાઢ્યો. એના આનંદની સીમા ન હતી.

સવારની સાડા છની નીકળેલી બપોરે એક વાગ્યે એ પાછી બાપુ પાસે પહોંચી. પંદર માઈલની ખેપ થઈ. ભૂખ પણ કકડીને લાગી હતી. રીસ હજી ઊતરી ન હતી. બાપુજી પાસે જઈ એમના ખોળામાં પથ્થર ફેંકી એ રડી પડી.

બાપુજીનો વહાલસોયો અવાજ સંભળાયોઃ

આ પથ્થર નિમિત્તે તારી પરીક્ષા થઈ. તેમાં તું તરી ઊતરી, એથી મને આનંદ થયો. પથરો મારો પચીસ વરસનો મિત્ર છે. જેલમાં જાઉં કે મહેલમાં, એ પથ્થર મારી સાથે જ ફર્યો છે. આવા પથરા ઘણા મળી રહેશે, એવી બેકાળજી બરોબર ન કહેવાય.

મનુબહેનના અંતરમાંથી આજના એના અનુભવનો સાચો ઉદ્ગાર થઈ ગયોઃ બાપુજી, મેં ખરા હ્રદયથી રામનામ લીધું હોય તો આજે જ પ્રથમ વાર.

બાપુજી કહેઃ મારે બહેનોને નીડર બનાવવી છે. આ કસોટી કેવળ તારી જ નહિ, પણ ખરું પૂછે તો મારી પણ હતી.

કદાચ ખરી કસોટી તો આ દિવસે ભગવાનની હતી. જવલ્લે જ ભગવાનને કોઈ ભક્તે આટલી મોટી કસોટીએ ચઢાવ્યો હશે. ખરે જ એ દિવસે ભગવાનની લાજ રહી ગઈ.

*

શહેરમાં રહો તો તેના કાયદા પાળો

જોહાનિસબર્ગમાં ગાંધીજી કેલનબેક સાથે રહેતા હતા. એવામાં શહેરમાં ઝૂલુઓનો બળવો થયો. એક મોટા વર્તમાનપત્રની ઓફિસ સળગાવી દેવામાં આવી. કરફ્યુ જાહેર થયો.

તે લત્તામાં રહેતા પ્રાગજીભાઈ કરફ્યુ છતાં જોખમ ખેડીને ગાંધીજી જ્યાં રહેતા હતા ત્યાં રાતે દસેક વાગ્યે પહોંચ્યા, શહેરની બીના સંભળાવી અને પોતાનું આવવાનું કારણ જણાવ્યું.

ગાંધીજી સત્યવીર સોક્રેટીસના છેલ્લા દિવસોની કથાના ચાહક હતા. સોક્રેટીસને શિશ્ય ક્રીટોએ કહ્યું કે

ચોકી કરનારા સૈનિકને ફોડી રાખ્યો છે અને કારાવાસમાંથી નાસી છૂટવાની બધી તજવીજ કરી દીધી છે. બીજા દિવસે ફરી એણે નાસી છૂટવા વિનંતી કરી ત્યારે સોક્રેટીસે શું કહ્યું હતું ? એ મહાત્માએ પોતાના શિશ્યને એટલું જ કહ્યું કે રાતે એથેન્સ નગરીના કાયદાઓ સાથે સ્વપ્નમાં પોતાને વાતચીત થઅી હતી. કાયદાઓ સોક્રેટીસને પૂછતા હતા: સોક્રેટીસ, તને અમે આવો મહાત્મા બનાવ્યો, આજ સુધી અમે તને ક્યાંય ન નડ્યા, હવે તને અમે તરછોડવા જેવા લાગ્યા ?

શિશ્ય ક્રીટો એ સંવાદનો મર્મ પામી ગયો. શરીરનું ખોળિયું બચાવવા, થોડાંક વધુ વરસ આયુશ્ય લંબાવવા, શહેરના કાયદાઓનો તિરસ્કાર આ મહાત્મા કરનાર નથી એ તેને સમજાઅી ગયું.

ગાંધીજીએ પ્રાગજીભાઅીને કહ્યું: તમે હમણાં ને હમણાં પાછા ચાલ્યા જાઓ. તમારે રહેવું છે શહેરમાં અને તેનાં સુખદુખમાં ભાગ નથી લેવો, એ કેમ ચાલે ? બીજા ઘણા હિંદી ભાઅીઓ પણ ત્યાં વસે છે તેમની શી સ્થિતિ થાય ? તમારે તમારી જગાએ જ રહેવું જોઅીએ.

શહેરમાં રહેવું અને એના કાયદાઓનું પાલન ન કરવું, એ ગાંધીજીનું મન કેમે કબૂલ ન કરે.

પ્રાગજીભાઈને ભારે તોફાની વિસ્તારમાં મોડી રાતે પાછા જવું પડ્યું.

*

પહેલાં મારું માથું ફોડો

નાગપુરમાં મહાસભાનું અધિવેશન ચાલતું હતું. ગાંધીજી પોતાની ઝૂંપડીમાં પોલ રિશાર, વલ્લભભાઈ આદિ સાથે વાતો કરતા હતા. ઝૂંપડી બહાર એક મારવાડી દંપતી દર્શન માટે અંદર આવવા સ્વયંસેવક સાથે રકઝક કરતાં હતાં. વલ્લભભાઈએ જે હોય એને અંદર આવવા દેવા કહ્યું.

ત્યાં એક બીજો સ્વયંસેવક દોડતો આવ્યો અને બંગાળ-છાવણીમાં તોફાન થયાના સમાચાર લાવ્યો. ગાંધીજી સફાળા ઊભા થયા. તાજી જ હજામત કરેલી. સૂર્યનાં

કિરણો પડવાથી માથું ઝગતું હતું. નજીકમાં પડેલી ચાદર ખભે નાખીને એ ચાલી નીકળ્યા. ઘણી મહેનતે મહાત્માજીનાં દર્શન કરવા પામેલી પેલી બાઅી એમને જતા જોઅી બોલી: ''આપ અૂભા રહો. મારે વાત કરવી છે.'' એટલું કહી બાઅીએ મહાત્માજીની ચાદરનો છેડો પકડ્યો. મહાત્માજી તો જવાની અુતાવળમાં હતા. ચાદર ત્યાં જ છોડીને ચાલતા થયા. વલ્લભભાઅી મજાકમાં બોલી અૂઠ્યા: ''આવે પ્રસંગે એ તો પોતડી પણ ફેંકીને દોડે.''

કડકડતી ઠંડીમાં ગાંધીજી બંગાળ-છાવણીમાં પહોંચી ગયા. ત્યાં તો અદ્ભુત રંગ હતો. ગાંધીજીના અસહકારના ઠરાવનો વિરોધ કરવા દાસબાબુ કલકત્તાથી 250 જેટલા પ્રતિનિધિઓને પોતાને ખર્ચે નાગપુર લઅી આવ્યા હતા. શ્રી બેનરજી ગાંધીજીના ઠરાવના પક્શમાં હતા. બંનેના માણસો વચ્ચે ટપાટપી થઅી હતી.

ગાંધીજી એ ટોળામાં જઅી એક સ્ટૂલ અુપર અૂભા થયા. બંગાળીઓ સિવાયના બધાને પહેલાં તો ત્યાંથી જતા

રહેવા કહ્યું અને પછી બંગાળીઓને કહ્યું: ''તકરારનું મૂળ હું છું. માથું ફોડવું હોય તો પહેલું મારું ફોડો.''

થોડી વારમાં બધા શાંત થઈ ગયા. દાસબાબુ સાથે એમણે ત્યાં જ ગુફ્તેગો કરી. પરિણામ એ આવ્યું કે દાસબાબુ જે વિરુધ્ધ હતા તેમને જ હાથે ઠરાવ રજૂ કરાવ્યો.

*

કયા મોઢે આ ખાઈ શકું ?

1947ના અુનાળામાં બિહારમાં કોમી દાવાનળ હોલવવા બાપુ ફરી રહ્યા હતા. ત્યાંથી દિલ્હી આવ્યા. એ દિવસોમાં એમનો ખોરાક ઓછો થઈ ગયો હતો.

એક સવારે મનુબહેને કેરીના રસનો પ્યાલો ભરીને જમતી વખતે આપ્યો. બાપુએ પૂછ્યું: પણ મને કહે, પહેલાં તપાસ કર કે આ કેરીની કિંમત શી છે ?

મનુબહેને માન્યું કે બાપુ વિનોદ કરે છે.

એ તો કાગળોની નકલ કરવાના કામે વળગ્યાં.

થોડી વાર પછી જોયું તો બાપુએ રસ લીધો નહોતો, એટલે લેવા કહ્યું.

બાપુ: હું તો સમજતો હતો કે તું કેરીની કિંમત પૂછીને જ આવશે. કેરી ભેટ આવી હોય તોપણ તેની કિંમત પૂછ્યા પછી જ તારે મને ખાવા આપવી જોઈએ. એ તો તેં ન કર્યું, પણ મેં તને પૂછ્યા પછી પણ જવાબ ન લાવી. કેરીના ફળનું એક નંગ દસ આનાનું છે એમ મારા સાંભળવામાં આવ્યું. તો એ ફળ ખાધા વગર હું જીવી શકું તેમ છું. આ રીતે ફળ લેવાથી મારા શરીરમાં લોહી વધતું નથી, પણ ઊલટાનું ઘટે છે. આવી અસહ્ય મોંઘવારીમાં અને વ્યથામાં તેં ચાર કેરીના રસનો મને ખાસ્સો ગ્લાસ ભરી આપ્યો. એટલે અઢી રૂપિયાનો પ્યાલો થયો. એ કયા મોઢે હું ખાઈ શકું?

તેવામાં જ બાપુજીને પ્રણામ કરવા એક-બે નિરાશ્રિત બહેનો પોતાનાં બાળકોને લઈને આવી. બાપુજીએ તરત બે જુદા જુદા વાડકામાં બંને બાળકોને રસ પીવા આપી દીધો. એમના હૃદયમાંથી હાશ નીકળી ગઈ. મનુબહેનને કહેવા

લાગ્યાઃ ઈશ્વર મારી મદદે છે તેનો આ તાદૃશ દાખલો. પ્રભુએ આ બાળકોને મોકલી આપ્યાં અને તે પણ જેવાં બાળકોની હું ઇચ્છા રાખતો હતો તેવાં જ બાળકો આવ્યાં. કેવી ઈશ્વરની દયા છે તે તો તું જો!

*

સમય જાળવ્યો

દેશબંધુ દાસ દાર્જીલિંગમાં બીમાર હતા. ગાંધીજી એમની ખબર કાઢવા ત્યાં ગયા. પાછા વળતાં ઢાકા મેલ પકડીને નવાબગંજ ગામમાં એક કાર્યક્રમમાં હાજર થવાનું હતું. પણ રસ્તે પહાડનો થોડોક ભાગ રેલપાટા ઉપર તૂટી પડવાને કારણે ઢાકા મેલ ચૂકી જવાય એવી પરિસ્થિતિ ઊભી થઈ. વખતસર ન પહોંચવું એ તો ગાંધીજીને પોસાય જ નહિ.

એક સાથીએ સ્પેશિયલ ટ્રેનની સૂચના કરી. તેમણે તે વધાવી લીધીઃ વાઈસરોયને આપેલો સમય હું જેટલી

સખતાઈથી પાળું છું તેટલી જ સખતાઈથી આપણા લોકોને આપેલો સમય પાળવો જોઈએ.

સ્પેશિયલ ટ્રેનનું ભાડું રૂ. 1140 ચૂકવ્યું, પણ નિશ્ચિત કાર્‌યક્રમમાં સમયસર દેશબંધુઓ વચ્ચે હાજર થયા.

*

ગુણનું ગણિત

દક્‌શિણ આફ્‌રિકામાં ફીનિક્‌સ આશ્રમ સ્થાપ્યો ત્યાં બાપુજી બાળકોની શાળા પણ ચલાવતા. બાળકોને ખરી કેળવણી મળે, ખોટી નહિ, એ માટે એમના પ્રયાસો રહેતા.

પરીક્‌શાના ગુણ આપવામાં બાપુજીની પધ્ધતિ આગવી જ રહેતી. એક જ જાતના સવાલ બધાને પૂછવામાં આવ્યા હોય. અને છતાં એવું બનતું કે જેણે વધુ સારા જવાબો લખ્યા હોય એને ઓછા ગુણ મળે, અને જેણે ઓછા સારા લખ્યા હોય તેઓને વધુ ગુણ આપે.

આથી બાળકો અકળાય. બાપુજી એમને કળેકળે

સમજણ આપે: ''અમુક વિદ્યાર્થી કરતાં અમુક વિદ્યાર્થી હોશિયાર છે, એવો આંક મારે નથી મૂકવો. મારે તો એ જોવું છે કે દરેક જણ પોતે છે તેના કરતાં કેટલો વધુ સુધર્યો છે. હોશિયાર છોકરો ઠોઠ છોકરાની સાથે પોતાને સરખાવ્યા કરે અને ગુમાન કરતો ફરે તો એની બુદ્ધિ બુઠ્ઠી થઈ જાય. તે ભણવામાં ઓછી મહેનત કરે. અને જે આગળ ન વધે તે છેવટે પાછો જ પડે. જે વધુ મહેનતથી અને પૂરી ચીવટથી કામ કરશે તેને જ હું વધુ ગુણ આપવાનો.''

વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી પણ ચાલુ પ્રગતિ કરતો રહે છે કે કેમ એની ઉપર બાપુજીની નજર હતી. બીજા ઓછા હોશિયાર વિદ્યાર્થીઓથી વધુ ગુણ મળવાથી એ ફુલાતો ફરે, એમાં એનું શું વળે? — આ વાત તેઓ એના મન પર ઠસાવતા. અને જે ઓછો હોશિયાર વિદ્યાર્થી હોય તે એક વખત ઓછા ગુણ ભલે લાવ્યો, પણ પછી મહેનત કરીને વધુ લાવે તો એણે જે પ્રગતિ કરી તેને માટે એની પીઠ થાબડવા વત્સલ બાપુ તૈયાર ઊભા હતા.

બે વિદ્યાર્થીઓ લો. એક જણના ગયે અઠવાડિયે દસમાંથી છ દાખલા સાચા હતા અને આ અઠવાડિયે પણ છ સાચા પડ્યા. બીજો વિદ્યાર્થી જેના ગયે વખતે દસમાંથી ત્રણ સાચા હતા તેના આ વખતે છ સાચા નીકળ્યા. પહેલો વિદ્યાર્થી તો ઠેરનો ઠેર રહ્યો. કશો વિકાસ એણે એક અઠવાડિયામાં બતાવ્યો નહીં; જ્યારે બીજા વિદ્યાર્થીએ પોતાના વિકાસમાં સો ટકા વિકાસ નોંધાવ્યો. ગયે અઠવાડિયે પહેલા વિદ્યાર્થીને ભલે દસમાંથી છ ગુણ મળ્યા હોય અને બીજાને ત્રણ, આ વખતે તો પહેલા વિદ્યાર્થી કરતાં બીજો વિદ્યાર્થી વધુ ગુણ મેળવવા પાત્ર ઠરે છે.

બીજાની સાથે હરીફાઈમાં પોતાને ઊંચા કે નીચા જોવામાં નહિ, પણ પોતે છીએ ત્યાંથી ખરેખર આગળ કેટલા વધીએ છીએ તે જોવામાં ખરી કેળવણી રહેલી છે, તે બાપુજીએ પરીક્ષાની પધ્ધતિમાં એક નાનકડો પણ મહત્ત્વનો ફેરફાર દાખલ કરીને સૌને સમજાવ્યું.

*

આ બચ્ચાં પર પુશ્પવ્રુશ્ટિ થવી જોઈએ

યરવડા જેલમાં રોટલા ઘડવાવાળાએ બિલાડી પાળેલી. તેને બે બચ્ચાં આવેલાં.

બિલાડી આવીને ઘણી વાર બાપુના અુઘાડા સુંવાળા પગની આસપાસ વીંટળાઈને બેસતી. હવે એનાં બચ્ચાં પણ એની સાથે આવવા લાગ્યાં.

એક વાર બચ્ચાંને લઈને એ આવેલી. એક બચ્ચું ગેલ કરવા લાગ્યું. બિલાડીની પૂંછડીને અુંદર માનીને દૂરથી દોડતું આવે. પૂંછડી મોંમાં લે. બિલાડી પૂંછડી ખેંચી લે. બચ્ચું એને પીંખે, કરડે. આમ ગમ્મત ચાલ્યા કરે. બાપુ રસકિનનું પુસ્તક વાંચતા હતા. વાંચવાનું બંધ કરી જોયા કરે.

ધીમે ધીમે બચ્ચાં બાપુ સાથે બહુ હળી ગયાં. પ્રાર્થના વખતે બાપુના ખોળામાં બેસે, બધા સાથે ગમ્મત કરે. જમવા ટાણે તો કૂદં-કૂદા અને મિંયાઅું-મિંયાઅું કરી મૂકે.

સરદાર વલ્લભભાઈ બચ્ચાંને જરીક ખીજવે. ખોરાક પર ઢાંકવાની તારની જાળીનો અર્ધગોળ બચ્ચા અુપર

ગોઠવી દે. અંદર પુરાઈને બચ્ચું મૂંઝાય.

એક વાર બચ્ચું ખૂબ ગભરાયું. જાળીને માથું મારતું મારતું ઓટલાની ધાર સુધી લઈ ગયું અને ત્યાં એની નીચેથી બહાર સરકી ગયું.

એણે પોતાની બુદ્ધિ વાપરી એ જોઈ બધા પ્રભાવિત થયા. હજી એનો ગભરાટ શમ્યો ન હતો. બાપુને દયા આવી.

થોડે દૂર જઈને એણે શૌચ કરવાની તૈયારી કરી. એ માટે જમીન ખોદી ખાડો કર્યો. શૌચ કરીને ખાડો પાછો માટીથી ઢાંક્યો. ત્યાં માટી બહુ નહોતી એટલે બીજે ગયું. ત્યાં એ ક્રિયા પૂરી રીતે પતાવી. ખાડો ઢાંકવામાં બીજા બચ્ચાએ એને મદદ કરી.

બિલાડીનાં બચ્ચાંનો સ્વચ્છતાનો આગ્રહ જોઈને બાપુ કહે: ''આ બચ્ચાં ઉપર આકાશમાંથી પુશ્પવ્રુશ્ટિ થવી જોઈએ.''

મીરાંબહેનને કાગળ લખ્યો એમાં પણ બિલાડીનાં

બચ્ચાંની સ્વચ્છતાની કેળવણી અંગે લખ્યા વગર રહી શક્યા નહિ:

"અમારે ત્યાં બિલાડીનાં મજાનાં બે બચ્ચાં છે. માતાના મૂંગા આચરણમાંથી તેઓ પદાર્થપાઠ લે છે. માતા તેમની સમક્ષ આખો વખત હાજરાહજૂર હોય છે. મૂળ વસ્તુ જે છે તે તો છે આચરણ."

*

નાગનો 'ચમત્કાર'

સાબરમતી આશ્રમમાં સાંજની પ્રાર્થના પૂરી થઈ છે. કિનારાને ઘસાઈને સાબરમતીનાં નીર ખળખળ વહી રહ્યાં છે. આકાશમાં વસંતની પૂર્ણિમા ખીલી છે.

પ્રાર્થના પછી એક બિછાનામાં તકિયા પર જમણા હાથનો ટેકો રાખી ગાંધીજી આડા પડ્યા છે. તેઓ ઉઘાડે શરીરે છે. ઠંડી લાગશે એમ માની બા એમને એક ચાદર ચોવડી કરીને ઓઢાડે છે. ચાદરનો અર્ધો ભાગ પીઠ પાછળ છે.

સામે રાવજીભાઅી બેઠા છે. વાતો કરતાં રાવજીભાઅીની નજર બરડા પરની સફેદ ચાદરમાં પડેલી કાળી ભાત પર જાય છે. અરે, કાળો સાપ! સાપ ચાદર અુપર થઅી ગાંધીજીના બરડા પર ચડે છે અને બીજી બાજુ અૂતરવા ડોક લંબાવે છે.

રાવજીભાઅીનું ધ્યાન વાતમાંથી ખસે છે એ જોઅી— અને પોતાને પણ કાંઅીક હોય એમ લાગવાથી—ગાંધીજી પૂછે છે: “શું છે?”

રાવજીભાઅીનો જીવ અધ્ધર થઅી ગયો છે. ગાંધીજી હાલ્યા, તો સાપ ડંખવાનો. પોતે ભયથી કંઅી બોલે તો હાજર રહેલાં ભડકશે. ધીમેથી એ જવાબ આપે છે: “કાંઅી નહિ, એ તો સાપ છે.”

સાંભળીને બા વગેરે ચિંતાથી અૂઠે છે, પણ ગાંધીજી અને રાવજીભાઅી સ્થિર રહે છે. સાપ આગળ વધતો નથી. પણ ચાંદનીમાં ક્યાંય જતો પણ દેખાયો નહિ. પીઠ અને ચાદર વચ્ચે છુપાયો હશે? રાવજીભાઅી ધીમેથી કહે છે, “બાપુજી, આપ સહેજ પણ હાલતા નહિ.”

‘‘હું તો નથી હાલવાનો, પણ તમે શું કરો છો ?’’

‘‘હું આ વાળેલી ચાદરના ચાર ખૂણા પકડીને તેને દૂર ફેંકી દઅું છું. સાપ તેમાં હશે તો ચાદર સાથે દૂર પડશે. અને પોલાણમાં છુપાઅી રહ્યો હશે તો ખુલ્લો થવાથી ત્યાંથી ચાલ્યો જશે. પણ આપ હાલશો નહિ.’’

‘‘હું નહિ હાલું, પણ તમે સાચવશો.’’

રાવજીભાઅી ચાદર અૂંચકે છે. ઠીકઠીક વજન છે. જોરથી ચાદર એ દૂર ફેંકી દે છે. સાપ ચાદરમાંથી બહાર આવે છે. રાવજીભાઅી વગેરે એને પકડે છે અને દૂર નાખી આવે છે.

છાપાંએ વાત ચગાવી: ‘‘મહાત્માજીને મસ્તકે નાગે ધરેલી ફેણ.’’ લોકમાન્યતા છે કે નાગ મસ્તક પર ફેણ ધરે તો માણસ ચક્રવર્તી થાય. કોઅી કોઅી એમ પણ કહેવા લાગ્યા કે બરડા પર નાગે ફેણ ધરી એટલે ગાંધીજી દેશના નેતા રહ્યા, મસ્તકે ધરી હોત તો આખી દુનિયાના નેતા હોત. આ આ બધી ચમત્કારની રીતે દંતકથા ચાલી. પણ મોટામાં મોટો ચમત્કાર ગાંધીજીના ને નાગના પ્રસંગમાં એ

હતો કે તેઓ શાંત ચિત્તે સ્વસ્થતાથી રુંવાડું પણ ન ફરકે એ રીતે, જે સથિતિમાં પડ્યા હતા તે સથિતિમાં પડ્યા રહ્યા.

*

'મહાત્મા' ન કહો

મુંબઅીના એક્સેલ્શ્યર થિયેટરમાં એક સભા યોજાઅી હતી, તે મલબાર સંકટનિવારણ માટેની હોઅી ગાંધીજી એમાં હાજર રહ્યા. શ્રી જયકરનું ભાશણ થયું ને ગાંધીજીને ખબર પડી કે સભા એમને માન આપવા માટે પણ છે. જુદા જુદા રાજકીય પક્શના અને કોમના સજ્જનો એક પછી એક અૂભા થઅીને ગાંધીજી પ્રત્યેનો સ્નેહાદર પ્રગટ કરવા લાગ્યા. શ્રી જમનાદાસ દ્વારકાદાસનો વારો આવ્યો. એ પણ ગાંધીજી પ્રત્યે આદર કે પ્રેમભાવમાં બીજા કોઅીથી પાછળ ન હતા એમ તેઓ જણાવતા હતા, ત્યાં સભામાંથી એક-બે જણે પોકાર કર્યો: ''મહાત્માજી કહો— ગાંધીજી નહિ.''

જમનાદાસે સરળતાથી સમજાવ્યું: ગાંધીજીને પોતાને 'મહાત્મા' શબ્દ રુચતો નથી એ એમણે પોતે મને કહ્યું છે, એટલે હું એમનું દિલ દુખવવા માગતો નથી.

એમણે ભાશણ આગળ ચલાવ્યું. ફરી પોકારો થયા. ફરી એમણે ખુલાસો કર્યો.

બીજાં ભાશણો થયાં. અંતે ગાંધીજીનો બોલવાનો વારો આવ્યો. એમણે વીંધાતા હ્રુદયે કહ્યું: બે-ત્રણ ભાઈઓએ જમનાદાસ સામે અને સભા સામે અવિનય કર્યો છે. ભાઈ જમનાદાસે કહ્યું તે સાચું છે. 'મહાત્મા'ના નામે અનેક કૂડાં કામ થયાં છે. મને 'મહાત્મા' શબ્દની બદબો આવે છે. ત્યાં વળી કોઈ જ્યારે આગ્રહ રાખે કે સૌએ મને 'મહાત્મા' કહેવો ત્યારે તો હું અકળાઈ જાઉં છું. 'મહાત્મા' શબ્દ વાપરવાની ના કહું છું તેમ તેમ તેનો વધારે ઉપયોગ થાય છે એ જાણું છું. એટલે માત્ર જીભથી ના કહીને બેસી રહેવું મારે માટે પૂરતું નથી. આશ્રમમાં તો મારી કે બીજાની આગળ એ શબ્દ ન વાપરવાની આગ્ના છે. ભાઈ જમનાદાસે તો મારે માટે ભારે સ્તુતિનાં વચન

વાપર્યાં, પણ જો તેમણે કહ્યું હોત કે ગાંધી જેવો દુઃખકારક એકે માણસ નથી, તો પણ તેમને રોકવાનો કોઈને અધિકાર નથી.

આટલાં વચન ઉચ્ચારાયાં ત્યાં તો સામેની ગેલેરીમાંથી એક ભાઈએ ઊભા થઈ હાથ જોડીને પ્રણામ કરી માથું નમાવ્યું. ગાંધીજીએ કહ્યું: એટલું બસ છે. પણ હજી ત્યાં એક-બે ભાઈઓ છે. તેઓ માફી ન માગે?

બીજા બે જણ ઊભા થયા. માફી માગી.

ગાંધીજીએ બોલવાનું આગળ ચલાવ્યું. ત્યાં તો વળી એક ભાઈ રહી ગયેલા તેઓ ઊભા થયા અને માફી માગી.

ગાંધીજીને શાંતિ થઈ. તેમણે કહ્યું: તમે જમનાદાસને તુચ્છકાર્યા તેથી મને અતિશય દુખ થયું, પણ તમે અતિશય વિનયપૂર્વક માફી માગી એટલે એ દુખ સુખરૂપ થઈ પડ્યું. એ માફી માગનારાઓનું તો ભલું થશે જ, પણ આપણે જેઓ એ દૃશ્યના સાક્ષી છીએ તેમનું પણ ભલું થશે.

*

જેલ-અુપરીને બચાવ્યો

1922માં યરવડા જેલમાં ગાંધીજીને રાખ્યા હતા, ત્યારે જેલના સુપરિન્ટેન્ડેન્ટ મેજર જોન્સને થયું કે ગાંધીજીને રહેવાની જગ્યાનું થાળું નીચું હતું એટલે ભેજ લાગે છે, તો યુરોપીય કેદીઓને રાખવામાં આવે છે ત્યાં એમને ખસેડવા. એ મકાનનું તળ અૂંચું હતું. ઓસરી હતી. કંપાઅુન્ડમાં ફૂલો હતાં. મેજર જોન્સે દરખાસ્ત મૂકી, ગાંધીજીએ હા પાડી. જગા બદલાઅી.

સાંજના સમયે પોતાના સાથી શંકરલાલ બેંકરને ગાંધીજી કહેવા લાગ્યા: આપણે આપણી જૂની ઓરડીઓમાં પાછા જવું જોઅીએ. આપણે અહીં આવ્યા એ ઠીક કર્યું નથી. સુપરિન્ટેન્ડેન્ટને કેદીઓની હેરફેર કરવાની સત્તા છે, પણ મારે માટે નહિ હોય. મારે માટે તો જગ્યા સરકારે નક્કી કરેલી હશે, અને એનાથી એ ફેરવાય નહિ. એમણે જરૂર ભૂલ કરી છે, ને સરકારને એની જાણ થાય તો એમને સહન કરવું પડે. મારો તો ધર્મ છે કે મારે એમને બચાવવા.

જ્યારે આ વસ્તુ સુપરિન્ટેન્ડેન્ટ આગળ મૂકવામાં આવી ત્યારે તરત તો એને ગળે ઊતરી નહિ. એ તો કહે કે હું સુપરિન્ટેન્ડેન્ટ છું, મને પૂરી સત્તા છે. સરકારને મારું કામ પસંદ નહિ પડે ને દખલ કરશે તો રાજીનામું આપીશ.

ગાંધીજીઃ તમે કહો છો તેવી સત્તા તમને ખરી, પણ તે સામાન્ય કેદીઓ માટે. મારે માટે નયે હોય. અમને પાછા જૂની જગાએ ખસેડો.

બંને જણા પોતાની વાતમાં મક્કમ હતા. છેવટે ગાંધીજીએ કહ્યુંઃ તમારી લાગણી સમજું છું અને એની મને કદર પણ છે, માત્ર સરકારની શી ઇચ્છા છે તે જાણી લઈએ તો સારું. એટલે હમણાં અમને પાછા ત્યાં લઈ જાઓ અને ગ્રુહમંત્રી સાથે વાત કરો. અમારી શંકા અસ્થાને છે એમ જણાય તો અમને પાછા અહીં લઈ આવજો.

ગાંધીજીના આ પ્રસ્તાવથી મેજર જોન્સ રાજી થયા અને એમને જૂની જગાએ લઈ ગયા. ત્રણચાર દિવસ પછી મેજર જોન્સ આવ્યા અને ગાંધીજીએ દાખવેલી દીર્ઘદ્રુશટિ

અને સૌજન્યભરી કાળજી માટે આભાર માનવા લાગ્યા: તમારી વાત સાચી નીકળી. આ વિભાગમાં તમને રાખવાનું સરકાર તરફથી જ નક્કી થયું છે. સરકારની રજા વગર તમને બીજે રાખ્યા હોત તો હું સારી પેઠે મુશ્કેલીમાં આવી પડત. હું પણ એક રીતે હઠીલો માણસ છું અને સરકાર મારા નિર્ણયને ઉથલાવત તો મારે રાજીનામું જ આપવાનું રહેત. તમે યોગ્ય સલાહ આપી તે માટે ખૂબ ખૂબ આભારી છું.

*

જ્યોર્જ પાંચમાને ત્યાં મહેમાનગતી

1931માં ગોળમેજી પરિશદમાં હાજરી આપવા બાપુ લંડન ગયેલા ત્યારે એક દિવસે રાજા પાંચમા જ્યોર્જે સૌ સભ્યો માટે સાંજનો ભોજન-સમારંભ રાખ્યો હતો. હિંદી વજીર સર સેમ્યુઅલ હોરને ગાંધીજીને નોતરવા અંગે ચિંતા હતી. એક તો એ કે રાજા આવા બળવાખોરને મળશે ? બીજું, મળે તો પણ ગાંધીજીનો વેશ સમારંભને યોગ્ય નહિ હોય. એમણે

રાજા સાથે વાત કરી. રાજાએ પહેલાં તો વરાળ કાઢી: ‘‘શું ? આ બળવાખોર ફકીરને મારા વફાદાર અધિકારીઓ અુપરના હલ્લાઓ પાછળની એમની કામગીરી પછી મહેલમાં બોલાવું ?’’ થોડી વાર પછી એમણે ફરી વાર એ ‘ખુલ્લા ઢીંચણવાળા અને યોગ્ય લેબાસ વગરના નાનકડા માણસ’ માટે અણગમો બતાવ્યો. પણ છેવટે નક્કી થયું કે લેબાસ અંગે કશી શરત મૂક્યા વગર ગાંધીજીને નિમંત્રણ આપવું.

સમારંભમાં યોગ્ય પળે ગાંધીજીને રાજા આગળ રજૂ કરવાનું કામ હિંદી વજીરે પોતાને હસ્તક રાખ્યું હતું. ગાંધીજીનાં ખાદીનાં અૂજળાં કપડાં, એટલે એમને ટોળામાંથી ઓળખી કાઢવાનું મુશ્કેલ ન હતું. એમણે રાજાની સાથે ગાંધીજીને મેળવ્યા અને ઓળખાણ કરાવી. ક્ષણ કપરી હતી. ગાંધીજીની બંડખોરી ભૂલવી રાજાને માટે શક્ય ન હતી. ગયું આખું વરસ ગાંધીજીએ હિંદમાં પ્રચંડ સત્યાગ્રહ લડત ચલાવી હતી. પણ બંને એક વાર વાતે વળ્યા એટલે તો પછી એમનું ગાડું સરળ રીતે ચાલ્યું. રાજા સહૃદય માણસ હતા. અને ગાંધીજીની રીતભાતમાં કાંઅી પૂછવું ન

પડે. પણ વચ્ચે એક વાર વાતચીત દરમ્યાન રાજાની નજર ગાંધીજીના ઘૂંટણ અુપર કૃશાણ વાર માટે ઠરી ત્યારે હિન્દી વજીરની છાતીના થડકારા વધી ગયા.

વાતચીત પૂરી થવા આવી. પંચમ જ્યોર્જ પોતાની જવાબદારીના ભાનવાળા રાજા હતા. વિદાય વખતે ગાંધીજીને એમણે ચેતવણી આપી: ''યાદ રાખજો, મિ. ગાંધી, મારા સામ્રાજ્ય અુપર કોઅી આક્રમણ હું ચલાવી નહિ લઅું.''

હિંદી વજીરનો શ્વાસ અધ્ધર થઅી ગયો. હમણાં ખાંડાં ખખડશે કે શું?

પણ ગાંધીજીની સુજનતાએ મામલો સુધારી લીધો. એમણે જવાબ આપ્યો: ''આપ નામદારની મહેમાનગીરી અનુભવ્યા પછી આપ નામદાર સાથે રાજકીય વિવાદમાં મારે ખેંચાવું ન જોઅીએ.''

અને મિત્રતાના વાતાવરણમાં બંનેએ એકમેકની વિદાય લીધી.

હિંદી વજીરે હાશકારો અનુભવ્યો.

“બેટા, અમર રહો !”

બિહારમાં એક માતાએ લડતમાં પોતાનો દીકરો ગુમાવ્યો હતો.

બાપુ તેની પાસે ગયા, પગે લાગ્યા અને હાથ જોડીને સામે ઊભા રહ્યા. કહેવા લાગ્યાઃ મા, આ તમારો દીકરો જ તમારી સામે ઊભો છે. એને માથે હાથ મૂકો અને આશીર્વાદ આપો કે દેશના કામમાં એ પોતાના પ્રાણ આપે.

માતાના હ્રુદયમાંથી સામે ઊભેલા મહાત્મા માટે જાણે કે પ્રાર્થના જાગીઃ “બેટા, અમર રહો.”

બાપુની સાચા હ્રુદયની વાંછા ફળી. બાપુની પણ માનવકલ્યાણયગ્નમાં આહુતિ અપાઈ.

માતાની — ભારતમાતાની પ્રાર્થના એ સહ્રુદય બલિદાન ઉપર હંમેશ માટે લહેરાઈ રહેશેઃ “બેટા, અમર રહો !”

*

ગાંધીજી વિશેની આ ચોપડીઓ પણ વાંચશો

સત-પગલાં

સંપાદક : પ્રભુદાસ ગાંધી, મહેન્દ્ર મેઘાણી

ગાંધી-જીવનની 1869થી 1914 સુધીની
કોઈ ટૂંકી વેગવંતી ફિલ્મ જેવી રૂપરેખા.

રૂ. 4

*

જીવનનું પરોઢ

પ્રભુદાસ ગાંધી

સંક્ષેપક : મહેન્દ્ર મેઘાણી

એક કિશોરે ગાંધીજીના સહવાસમાં ગાળેલા બાળપણની
પાવનકારી સ્મરણયાત્રા.

રૂ. 10

*

લોકમિલાપ ટ્રસ્ટ

બાપુની છબી

કાકા કાલેલકર

સંપાદક : મહેન્દ્ર મેઘાણી

પ્રેમતરબોળ હ્રુદયથી કાકાસાહેબ આલેખેલા ગાંધીજીના જીવનના કેટલાક પ્રસંગો જુદાં જુદાં પુસ્તકોમાંથી અહીં એકત્ર કરેલા છે. હિમાલયના અુત્તુંગ શિખર સમા અદ્ભુત ગાંધી-જીવનનું અને એવા જ ભવ્ય ગાંધી-વિચારોનું જરીક દર્શન પર્વતાધિરાજની આસપાસની શિખર-મંડળી પૈકી એકની અુપર અૂભાં રહીને કરતાં હોઈએ, એવી ધન્યતાનો અનુભવ આ ચોપડી વાંચતાં થશે.

રૂ. 10

લોકમિલાપ ટ્રસ્ટ

રૂ. 5